# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.

## સમ્યગ્જ્ઞાન વિશારદ

Answer sheet

અભ્યાસક્રમ ક્રં : ૬

## ◆◆◆ અભ્યાસક્રમ જવાબ પત્ર ◆◆◆

એનરોલમેન્ટ નંબર ૯ ગામ

વિદ્યાર્થીનું નામ -

### પ્રશ્ન-૧ ખાલી જગ્યા

| | |
|---|---|
| (૧) | ક્ષપકશ્રેણી |
| (૨) | બેઈન્દ્રિય |
| (૩) | સિદ્ધિયોગ |
| (૪) | નિસ્પૃહપણા |
| (૫) | ધ્યાનના શુદ્ધતા |
| (૬) | શ્રી શાંતિનાથ ભગવાન |
| (૭) | વચન અનુષ્ઠાન |
| (૮) | સૂર્યદેવતા |
| (૯) | એક સમય |
| (૧૦) | આસનજય |
| (૧૧) | ઉપશમાદિ |
| (૧૨) | ગોપાળો |
| (૧૩) | ૧ પલ્યોપમ |
| (૧૪) | પવન |
| (૧૫) | ભ્રમિક |
| (૧૬) | ઉપાદેય |
| (૧૭) | સંક્રમ |
| (૧૮) | નિવાસસ્થાનો |
| (૧૯) | અસંખ્યાતા |
| (૨૦) | સ્મશાન ભૂમિ. |

### પ્રશ્ન-૨ એક જ શબ્દમાં

| | | | |
|---|---|---|---|
| (૧) | રેચક | (૫) | લેઓને |
| (૨) | મિથ્યાત્વીઓનું | (૬) | સ્વર્ગ |
| (૩) | અનુકંપા | (૭) | શ્રેણી આરોહણમાં |
| (૪) | જ્ઞાનોપયોગ | (૮) | કહેવાય છે. |
| (૫) | મિથ્યાત્વના ઉદયથી | (૯) | જ્ઞાનાદિક લક્ષ્મીવાળા પૂજ્ય |
| (૬) | અગ્નિકાયનું | (૧૦) | ઉત્કૃષ્ટ |
| (૭) | અનનુષ્ઠાન | (૧૧) | મોહનીય |
| (૮) | સપૃથત્ક સવિતર્ક સપ્રવિચાર | (૧૨) | સંઘયણ |
| (૯) | અનોખી કવિત્વ શક્તિથી | (૧૩) | અધિક |
| (૧૦) | શ્રી શાંતિનાથ ભગવાન | (૧૪) | પદ્મીની |
| (૧૧) | ચિત્તની શુદ્ધિનો | (૧૫) | ક્ષય થાય છે |
| (૧૨) | સવિતર્ક ધ્યાન | (૧૬) | નિકળવાનો માર્ગ |
| (૧૩) | આર્ય સુહસ્તિસૂરિ | (૧૭) | ઉપદ્રવ |
| (૧૪) | દીર્ઘાયુ થાઓ | (૧૮) | વર્ષ |
| (૧૫) | અંતર્મુહૂર્ત | (૧૯) | દુઃખે છે |
| | | (૨૦) | પ્રાપ્ત કરાવાય એવું |

### પ્રશ્ન-૩ શબ્દનો અર્થ

| | |
|---|---|
| (૧) | આયુષ્ય સ્થિતિ |
| (૨) | આખો |
| (૩) | ખભો |
| (૪) | તેત્રીસ |

### પ્રશ્ન-૪ જોડકાં જોડો

| | | | |
|---|---|---|---|
| (૧) | ૮ | (૬) | ૪ |
| (૨) | ૬ | (૭) | ૨ |
| (૩) | ૯ | (૮) | ૫ |
| (૪) | ૧ | (૯) | ૩ |
| (૫) | ૧૦ | (૧૦) | ૭ |

### પ્રશ્ન-૫ સંખ્યામાં જવાબ

| | |
|---|---|
| (૧) | 3 |
| (૨) | 10 હજાર વર્ષ |
| (૩) | ૭ |
| (૪) | 3 |
| (૫) | ૨૫ |
| (૬) | ૮ |
| (૭) | ૧ કરોડ |
| (૮) | ૫ |
| (૯) | ૧૦ |
| (૧૦) | ૧૦૦ |

### પ્રશ્ન-૬ ✓ કે × / પ્રશ્ન-૭ આ વાક્ય ક્યા પાને છે તે નંબર

| | પ્રશ્ન-૬ ✓ કે × | | પ્રશ્ન-૭ આ વાક્ય ક્યા પાને છે તે નંબર |
|---|---|---|---|
| (૧) | × | (૧) | ૮ |
| (૨) | ✓ | (૨) | ૨૩ |
| (૩) | × | (૩) | ૧૯ |
| (૪) | × | (૪) | ૨ |
| (૫) | ✓ | (૫) | ૨૪ |
| (૬) | × | (૬) | ૧૨ |
| (૭) | × | (૭) | ૫ |
| (૮) | ✓ | (૮) | ૨૯ |
| (૯) | ✓ | (૯) | ૧૫ |
| (૧૦) | × | (૧૦) | ૨૯ |

| પ્રશ્ન ૧-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૨-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૩-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૪-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૫-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૬-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૭-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૮-મેળવેલ ગુણ | = | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | | |

રીમાર્ક ______________ તપાસનારની સહી ______________

## પ્રશ્ન - ૮

૧. શ્વાસોશ્વાસનું નિયમન અધ્યાત્મિક વિશ્વમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. શ્વાસોશ્વાસ એ જીવના પ્રાણ છે. તેથી જ એનું નિયમન પ્રાણાયામ કહેવાય છે. સાધુ-મુનિરાજ વાયુની પ્રાપ્તિ દશમ દ્વાર ગોચર કરે છે. વાયુ નીકળવાના માર્ગથી પોતાની ઈચ્છાથી નીકળતા વાયુને મુલબંધન યુક્તિથી અટકાવે. (એડીથી અપાનદ્વારને દબાવીને વાયુને ઉપર ખેંચવું.) મુનિરાજ પૂરક ધ્યાનના યોગથી અત્યંત પ્રયત્ન કરીને બાર અંગુલ બહારથી - ચારે બાજુથી હવાને ખેંચીને શરીરની અંદરની સર્વ નાડીઓને પૂર્ણ ભરે છે તે પૂરક પ્રાણાયામ. પછી યોગી સાધક યોગ સામાર્થ્યથી વાયુને નાભિ કમલથી ધીરે ધીરે ઘણા પ્રયત્નથી બહાર કાઢે છે તે રેચક પ્રાણાયામ. યોગી કુંભક પવનને નાભિ કમલથી કુંભક ધ્યાન વડે ઘડના આકારે સ્થિર કરે છે. તે કુંભક ધ્યાન-પ્રાણાયામ. પૂરક-રેચક-કુંભક ધ્યાનના ક્રમથી પવનને અંદર લેવાનું-છોડવાનું-સંગ્રહ કરવાનું થાય છે. તેથી પવનને સાધન કરવાથી ચિત્ત એકાગ્ર થાય છે, મન સમાધિમાં નિશ્ચલ થાય છે. પવનને જીતવાથી મનને જીતાય છે. ઈન્દ્રિયોને જીતી શકાય છે. ને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

૨. બાણ અને મયૂર, સાળા-બનેવી બંને રાજ્યસભામાં પંડિતો હતા. એકવાર રાત્રે મયૂર અને તેની પત્ની વચ્ચે તકરાર થઈ. બાણે બહાર તે બધું સાંભળ્યું ને તેમની વચ્ચે દખલગિરિ કરતાં તેની બેને જે સતી સ્ત્રી હતી, તેને શ્રાપ આપ્યો - તું "કુષ્ટિ" કોઢિયો થઈશ. બીજે દિવસે રાજસભામાં મયૂરે બાણકવિને આવતો જોઈ કહ્યું "આવો, આવો કોઢિયા બાણ આવો." રાજાના પૂછવાથી મયૂરે બધો વૃતાંત કહ્યો. એટલે રાજાએ કોઢ મટે નહીં ત્યાં સુધી નગરમાંથી નીકળી જવાનો હુકમ કર્યો. બાણકવિ લજવાઈ ગયો ને તરત નગર બહાર ચાલ્યો ગયો. બે વાંસડાના સ્તંભ આરોપી, વચ્ચે ઊંચી દોરી બાંધી, તેમાં છ બંધનવાળું સીકું બાંધ્યું, તેમાં તે બેઠો, નીચે અગ્નિકુંડ સળગાવી, સૂર્યદેવતાની સ્તવના સંબંધી એક એક કાવ્ય રચી સીકાની દોરીઓ છેદી નાખી. છેવટની દોરી કાપવાનો આરંભ કરે છે ત્યાં સૂર્યદેવતાએ પ્રત્યક્ષ દર્શન આપ્યું ને તેનો કોઢ દૂર કરી સુવર્ણકાંતિ જેવું શરીર કરી નાખ્યું.

૩. યોગસ્વરૂપ સદનુષ્ઠાન ઈચ્છાદિ ભેદોથી ચાર પ્રકારનું છે. ① દ્રવ્ય, ક્ષેત્ર, કાળાદિ સામગ્રીની પરિપૂર્ણતા ન હોવા છતાં શાસ્ત્રોક્ત વિધિ-આરાધના-ક્રિયા યુક્તપણે આરાધવાની અભિલાષાયુક્ત ક્રિયા જેમાં આરાધક મહાત્માઓની કથા સાંભળતા આનંદ આવે, બહુમાન જાગે અને ઉલ્લાસપૂર્વક અનુષ્ઠાન કરવામાં આવે તે ઈચ્છાયોગ સદનુષ્ઠાન. ② ઉપશમવિશેષ શાસ્ત્રોક્ત આરાધનાનું અનુસરણ, અત્યંત ઉલ્લાસપૂર્વક ક્રિયાનું આચરણ તે પ્રવૃત્તિયોગ સદ. ③ જ્યારે આગળ વધતાં સાધક જીવનમાં અતિચારનો દોષ ટળી જાય છે. ને સાધક બાધકચિન્તાના દોષથી મુક્ત બને છે ને જે સ્થિરતાપૂર્વકની ક્રિયા તે સ્થિરયોગસદ. ④ સાધનામાં આગળ વધતો જીવ પોતાના જીવનમાં તો ઉપશમાદિ ભાવને પામે છે પણ એના સાન્નિધ્યમાં આવતા જીવ પોતાના સ્વભાવમાં પરિવર્તન પામે છે. એની સિદ્ધિ આજુબાજુના વાતાવરણના જીવોને પણ સ્પર્શે છે ત્યારે તેને સિદ્ધિ યોગ કહેવાય છે. અનુકંપા, નિર્વેદ, સંવેગ, પ્રશમભાવની પ્રાપ્તિ થાય છે.

૪. પદાર્થના સામાન્ય ધર્મનો વપરાશ-વ્યાપાર તે દર્શનોપયોગ. દર્શનના આધારે ચાર ભેદ → ① ચક્ષુદર્શનોપયોગ ② અચક્ષુદર્શનોપયોગ ③ અવધિ દર્શનોપયોગ ④ કેવળદર્શનોપયોગ. પદાર્થના વિશેષ ધર્મનો વ્યાપાર વપરાશ તે જ્ઞાનોપયોગ. જ્ઞાન અને અજ્ઞાનના આધારે ૮ ભેદ જ્ઞાનના આધારે - ① મતિજ્ઞાનોપયોગ ② શ્રુતજ્ઞાનોપયોગ. ③ અવધિજ્ઞાનોપયોગ ④ મનઃપર્યવજ્ઞાનોપયોગ ⑤ કેવલજ્ઞાનોપયોગ. અજ્ઞાનના આધારે - ⑥ મતિઅજ્ઞાનોપયોગ. ⑦ શ્રુતઅજ્ઞાનોપયોગ. ⑧ વિભંગજ્ઞાનોપયોગ. દર્શનના ચાર અને જ્ઞાન-અજ્ઞાનના મળી ૮ કુલ બાર ઉપયોગ છે. મનુષ્યને વિશે બાર ઉપયોગ હોય છે, નારકી, તિર્યંચ, દેવતાને વિષે નવ ઉપયોગ હોય છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિયરૂપ વિકલેન્દ્રિયનો (જે દંડકના) વિષે પાંચ ઉપયોગ, ચઉરેન્દ્રિયને વિષે છ ઉપયોગ અને સ્થાવરને વિષે ત્રણ ઉપયોગ હોય છે.

૫. કુમુદ નામના વિપ્રે વૃદ્ધપણે દીક્ષા લીધી. પણ વિદ્યા મોંઢે ચડતી ન હોવાથી રાત્રિના વખતે મોટા અવાજથી ગોખતો હતો. ગુરૂએ રાત્રે મોટા અવાજથી ગોખવાનો નિષેધ કર્યો. તેથી દિવસે મોટા અવાજથી ગોખતો હતો. તેથી શ્રાવકોએ કહ્યું કે, આ ઘાંટા પાડીને ગોખ ગોખ કરશો તો શું મુશળ ફુલાવશો? તેથી તે શરમાઈ ગયો ને સરસ્વતી દેવીનું આરાધન કર્યું. એકવીશમા ઉપવાસે સરસ્વતી દેવીએ પ્રસન્ન થઈને વરદાન આપ્યું. "તું સર્વ વિદ્યા પારગામી થઈશ. તું જેમ કહીશ તેમ તને હું કરી આપીશ." ચૌટામાં જઈ એક મુશળ લાવી વચ્ચોવચ ઊભું કર્યું. અને હાથમાં અંજલિ લઈ મંત્ર બોલ્યો- "હે સરસ્વતી દેવી! અમારા સરખા જડભરત પણ જો વાદી જેવા વિદ્વાન તારા પસાયથી થાય તો આ મુશલ ફુલાવી દે." આ મંત્ર ભણી તેણે મુશળ ઉપર પાણીની અંજલિ છાંટી કે તરત જ સરસ્વતી દેવીએ એ મુશળને ફુલાવી દીધું.